अपनी निगह में हमे रखना, शीखे हम नेक राह पर चलना, तेरी पनाहमे हमे रखना, शीखे हम नेक राह पर चलना

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૪૩૦ |
| અમદાવાદ | ૧૭૭ |
| ગાંધીનગર | ૪૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૩ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૦, મંગળવાર; અ. આસો સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યના ખેડૂતો માટે ૩૭૦૦ કરોડનું સહાય પેકેજ

## રાજ્યમાં વરસાદથી પાકને નુકસાન સામે વળતર : 33 ટકા કે તેથી વધુ પાક નુકસાનીના કિસ્સામાં વધુમાં વધુ ૨ હેક્ટર માટે હેક્ટરદીઠ રૂપિયા ૧૦ હજાર સહાય મળશે



ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે ચૌદમી વિધાનસભાના સાતમા સત્રના પ્રથમ દિવસે નિયમ-૪૪ અન્વયે નિવેદનમાં રાજ્યના ધરતીપુત્રોને આ વર્ષે ખરીફ ઋતુમાં ભારે વરસાદથી થયેલ પાક નુકશાન સામે ઉદાર પેકેજની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્યની આ ખેડૂત હિતલક્ષી સરકાર હંમેશા ખેડૂતોની વિપદામાં તેમની મુશ્કેલીના સમયમાં પડખે ઉભી રહેનારી સંવેદનશીલ સરકાર છે. આ સંદર્ભમાં વિજય રૂપાણી ઉમેર્યુ કે, ઓગસ્ટ-૨૦૨૦માં મહિનામાં રાજ્યના કેટલાક તાલુકાઓમાં ભારે વરસાદને પરિણામે ખેતરોમાં પાણી ભરાવાના પરિણામે ખેતી પાકોને નુકસાન થયેલું છે. આ નુકસાની સામે સહાય આપવા અંગે રાજ્યના ખેડૂત, ખેડૂત સંગઠનો અને પ્રજાના જનપ્રતિનિધિઓએ રાજ્ય સરકારને કરેલી રજૂઆતનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતા આ સહાય પેકેજ આપ્યું છે. મુખ્યમંત્રીએ વિધાનસભાગૃહમાં નિયમ-૪૪ અન્વયે કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ચાલુ સાલે ચોમાસાની શરુઆત સારી રીતે અને સમયસર થયેલ હતી. શરુઆતના તબક્કામાં ખેતીને અનુકુળ માફક સરનો વરસાદ થયેલ હતો અને રાજ્યના તમામ જિલ્લાઓમાં ખુબ સારા ઉત્પાદનના સંજોગો હતા. પરંતુ ઓગષ્ટ માસ દરમિયાન રાજ્યના કેટલાક તાલુકાઓમાં ભારે વરસાદ થયો અને તેથી ખેતરોમાં પાણી ભરાવાના કારણે ખેતી પાકોને નુકશાનના અહેવાલ છે. ઉપરાંત આ અંગે ખેડુતો, ખેડુત સંગઠનો, પ્રજાના પ્રતિનીધીઓ દ્વારા પણ રજુઆતો કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે મગફળી, કપાસ, ડાંગર, તલ, બાજરી, કઠોળ, શાકભાજી વિગેરે પાકોમાં નુકશાન થવા પામેલ છે. રાજ્ય સરકારે અવાનરવાર જાહેરાત કરેલી છે કે, રાજ્યના ખેડૂતોને ૩૩ ટકા અને તેથી વધારે પાક નુકશાન થયેલ હોય તો સહાય આપવાની બાબત

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભામાં હોબાળો કરનારા વિપક્ષી ૮ સાંસદ સસ્પેન્ડ કરાયા

## કૃષિ બિલને લઈને વિપક્ષે હોબાળો કર્યો હતો : ડેરેક ઓ બ્રાયન, સંજય સિંહ, રાજીવ સાતવ સહિત આઠ સાંસદોને એક અઠવાડિયા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા

નવી દિલ્હી,તા.૨૧

સંસદના ચોમાસું સત્રનો આજે આઠમો દિવસ છે. રાજ્યસભામાં આજે વિપક્ષી સાંસદનો મુદ્દો ઉઠ્યો. સભાપતિએ હોબાળો કરનારા સાંસદો સામે કાર્યવાહી હાથ ધરી છે. હોબાળો કરનારા વિપક્ષી દળોના સાંસદોને એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરવામાં આવેલા સાંસદોમાં ડેરેક ઓ બ્રાયન, સંજય સિંહ, રિપૂન બોરા, નઝીર હુસૈન, કેકે રાગેશ, એ. કરીમ, રાજીવ સાતવ, ડોલા સેન સામેલ છે. આ દરમિયાન રાજ્યસભાના ઉપસભાપતિની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેને સભાપતિ વૈંકેયા નાયડૂએ ફગાવી દીધો છે. રાજ્યસભામાં કૃષિ બિલની ચર્ચા વખતે રવિવારે બનેલી ઘટના પર સભાપતિએ કહ્યું કે રાજ્યસભા માટે સૌથી ખરાબ દિવસ હતો. કેટલાક સાંસદોએ પેપર ફેંક્યા. માઈકને તોડી દીધા. રૂલ બુકને ફેંકવામાં આવી. આ ઘટનાથી હું ખૂબ જ દુ:ખી છું. ઉપસભાપતિને ધમકી આપવામાં આવી. તેમની સામે વાંધાજનક ટિપ્પણી કરવામાં આવી. રવિવારે રાજ્યસભામાં બે અગત્યના કૃષિ બિલોને સરકારે ભારે હોબાળાની વચ્ચે પાસ કરાવી લીધા. આ દરમિયાન તૃણમૂલ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત અનેક વિપક્ષી પાર્ટીઓના સાંસદોએ વેલમાં આવીને હોબાળો કર્યો. કેટલાક સાંસદોએ ઉપસભાપતિની સામે પહોંચીને બિલની નકલોને ફાડી દીધી અને ઉપસભાપતિના માઈકને પણ ઉખાડવાનો પ્રયાસ કર્યો. આ બધાનું વીડિયો રેકોર્ડીગ સંસદીય કાર્ય મંત્રાલયની પાસે છે.

# મુંબઈના ભિવંડીમાં ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી થતાં ૧૦નાં મોત

## તંત્ર દ્વારા હજુ પણ બચાવની કામગીરી ચાલુ : બિલ્ડિંગમાં ૨૧ પરિવાર રહેતા હતા, કાટમાળમાંથી એક બાળકને સુરક્ષિત બહાર કઢાયું

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રની રાજધાની



મુંબઈના ભિવંડી વિસ્તારમાં ત્રણ માળનું મકાન ધરાશાયી થતાં ગંભીર અકસ્માત સર્જાયો છે. સોમવારે સવારે ૩ વાગ્યે બનેલી આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઘટના મુંબઈને અડીને આવેલા ભિવંડીમાં ધામનકર નાકા નજીકના પટેલ કમ્પાઉન્ડ વિસ્તારની છે. બિલ્ડિંગના કાટમાળમાં હજી ૩૫-૪૦ લોકો ફસાયા હોવાની આશંકા છે. માહિતી મળ્યા બાદ એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી ચાલુ છે. આ સિવાય ફાયર બ્રિગેડ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, એમ્બ્યુલન્સ અને જવાબદાર અધિકારીઓ પણ

● અનુસંધાન પાન-૭ પર








We are one of the largest retail broking houses in India in terms of active clients on NSE as on June 30, 2020 (Source: CRISIL Report). Our digital platforms and vast network of Authorised Persons enables wide reach among retail clients in India. We offer a seamless digital experience to manage over 2.15 million operational broking accounts as on June 30, 2020. Our marketing initiatives are driven by artificial intelligence while our online platforms provide our clients with the ability to manage their wealth and investments efficiently.

Angel Broking®

Angel Broking Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its equity shares and has filed the red herring prospectus dated September 15, 2020 read with the corrigendum dated September 17, 2020 ("RHP") with SEBI and the Registrar of Companies, Maharashtra at Mumbai. The RHP is available on the website of the SEBI at www.sebi.gov.in, BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and on the websites of the book running lead managers, ICICI Securities Limited, Edelweiss Financial Services Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com and www.edelweissfin.com and www.sbicaps.com respectively. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section entitled "Risk Factors" on page 19 of the RHP. Angel Broking Limited, Registered Office: G-1, Akruti Trade Centre, Road No. 7, MIDC, Andheri (E), Mumbai - 400 093. Tel: (022) 6807 0100; Fax: (022) 6807 0107, CIN: U67120MH1996PLC101709, SEBI Regn. No.: INZ000161534[RK/F1-BSE Cash/F&O/CD (Member ID: 612), NSE Cash/F&O/CD (Member ID: 12798), MSEI Cash/F&O/CD (Member ID: 10500), MCX Commodity Derivatives (Member ID: 12685) and NCDEX Commodity Derivatives (Member ID: 220), CDSL Regn. No.: IN-DP-384-2018, PMS Regn. No.: INP000001546, Research Analyst SEBI Regn. No.: INH000000164, Investment Adviser SEBI Regn. No.: INA000008172, AMFI Regn. No.: ARN-77404, PFRDA Registration No.19092018. Compliance officer: Naheed Patel, Tel: (022) 4000 3600 Email: secretarial@angelbroking.com You can reach us at 022-68071111 / 022-42185454 or support@angelbroking.com I www.angelbroking.com


## ભાવભીની હૃદયાંજલિ



### સ્વ. મનિષ વિક્રમભાઈ પટેલ

આપની અણધારી વિદાય
આઘાતનો આંચકો આપી ગઈ...
નાની વયે કેળવેલી હિંમત અને
હોંશ સ્મરણીય બની રહેશે...
સદ્દગતના આત્માને ચિરશાંતિ માટે પ્રાર્થના સહ
ભાવભીની અંજલિ

લી.
ચેતન પટેલ
સિદ્ધરાજ ગૃપ